For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



(તસવીર : સતીષ જાદવ)

## સુરતમાં ધોધમાર વરસાદથી ફરી મેઘમહેર

# શહેર સહિત જિલ્લામાં અનેક વિસ્તારોમાં અડધો ઈંચ વરસાદ

**એક** કલાક સુધી 50 મીટરથી વધુનું વિઝન ઘટ્યું

સુરતઃ હવામાન વિભાગ દ્વારા 21 જુલાઈ સુધી દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી વચ્ચે શુક્રવારે સુરત શહેર અને જિલ્લામાં મેઘરાજાએ ફરી જોરદાર બેટિંગ કરી હતી. સવારથી જ વાદળછાયું વાતાવરણ છવાયેલું હતું અને બપોર બાદ અચાનક આકાશમાં ઘેરા કાળા ડિબાંગ વાદળો છવાઈ જતાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો. વરસાદની તીવ્રતા એટલી વધુ હતી કે લગભગ એક કલાક સુધી શહેરના અનેક વિસ્તારોમાં 50 મીટર જેટલું પણ સ્પષ્ટ વિઝન રહેવું મુશ્કેલ બન્યું હતું.

મુશળધાર વરસાદને કારણે મુખ્ય માર્ગો પર વાહનચાલકોને હેડલાઈટ ચાલુ રાખીને ધીમી ગતિએ વાહનો હંકારવાની ફરજ પડી હતી. વરસાદના કારણે શહેરના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ પણ સર્જાઈ હતી, જ્યારે ઓફિસ અને શાળાઓ છૂટવાના સમયે વરસાદ પડતાં લોકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ, બપોર સુધીમાં સુરત શહેરમાં આશરે અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. શહેર ઉપરાંત જિલ્લામાં પણ મેઘરાજાએ સારો વરસાદ વરસાવ્યો

...અનુસંધાન પાના 5 પર

# પોણો ઇંચ વરસાદમાં ઉધના સચિન રોડ ત્રીજી વખત બેટ બન્યો

**અઠવા** ઝોનમાં બે કલાકમાં પોણા બે ઈંચ વરસાદ; ન્યૂ વીઆઈપી રોડ અને ખાટુ શ્યામ મંદિર પાસે પાણી ભરાયા

### ઝોનવાઇઝ વરસાદ

| ઝોન | વરસાદ (મીમી) |
|---|---|
| સેન્ટ્રલ | 11 |
| રાંદેર | 13 |
| કતારગામ | 09 |
| વરાછા એ | 25 |
| વરાછા બી | 14 |
| લિંબાયત | 17 |
| અઠવા | 43 |
| ઉધના | 19 |

સુરત : આઠ દિવસના વિરામ બાદ શુક્રવારે સુરતમાં મેઘરાજાએ ફરી ધમાકેદાર એન્ટ્રી કરતાં ફરી એકવાર નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જી હતી.

મનપાના વરસાદી આંકડા મુજબ અઠવા ઝોનમાં માત્ર બે કલાકમાં પોણા બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે ન્યૂ વીઆઈપી રોડ તેમજ ખાટુ શ્યામ મંદિર પાસે રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અનેક સ્થળોએ વાહનો ધીમી ગતિએ પસાર થતા ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી.બીજી તરફ, માત્ર પોણો ઈંચ જેટલા વરસાદમાં જ ઉધના-સચિન રોડ ફરી એકવાર જળબંબોળ બન્યો હતો. રસ્તા પર પાંચથી છ ઈંચ સુધી પાણી ભરાઈ જતાં વાહનચાલકોને મુશ્કેલી પડી હતી. ચાલુ ચોમાસામાં આ ત્રીજી વખત છે જ્યારે ઉધના-સચિન રોડ પર વરસાદ બાદ આવી સ્થિતિ સર્જાઈ છે. પરિણામે સ્થાનિકોમાં મનપાની પ્રી-મોન્સૂન કામગીરી સામે ફરી સવાલો ઊભા થયા છે.ઉધના-સચિન રોડ સુરત શહેરનો સૌથી વ્યસ્ત માર્ગ ગણાય છે. આ માર્ગ પરથી દરરોજ હજારો વાહનો ઉપરાંત સચિન જીઆઈડીસીમાં કામે જતા

...અનુસંધાન પાના 5 પર

## લાંબા સમય માનસિક દબાણ અને અનિશ્ચિતતા વચ્ચે પણ સુરતના વિદ્યાર્થીઓ ઝળક્યા

# RE-NEET-UGમાં સુરતનો સૌમ્ય પટેલ પ્રથમ, AIR-57

**ગુજરાતમાં** 55.42 ટકા વિદ્યાર્થીઓ ક્વોલિફાઈડ થયા, ગત વર્ષની સરખામણીમાં પરિણામ ઘટ્યું

**આશાદીપ** ગ્રુપ ઓફ સ્કૂલ્સ, યોગી પ્રવૃત્તિ વિદ્યાલય, ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ, વસિષ્ઠ વિદ્યાલય અને મૌની ગ્રુપ ઓફ સ્કૂલનાં ઉત્કૃષ્ટ પરિણામો




સુરતઃ ગઈકાલે મોડીરાત્રે જાહેર થયેલા રિ-નીટ-UG 2026ના પરિણામોમાં આ વખતે પણ સુરતના વિદ્યાર્થીઓએ મેદાન માર્યું છે. એક વખત નીટની પરીક્ષા થઈ ગયા બાદ ફરી નીટ લેવામાં આવતાં વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી માનસિક દબાણ અને અનિશ્ચિતતાનો સામનો કરવો પડ્યો હતો. તેમ છતાં સુરતના વિદ્યાર્થીઓએ પડકારોને તકમાં

...અનુસંધાન પાના 5 પર

### પરીક્ષા રદ થતાં બે દિવસના વિરામ બાદ ફરી તૈયારી શરૂ કરી



સુરતના સૌમ્ય પટેલે નીટમાં 695 માર્ક્સ મેળવવાની સાથે ઓલ ઈન્ડિયા રેન્ક-57 મેળવી સમગ્ર શહેર માટે ગૌરવની ક્ષણ સર્જી છે. સૌમ્યના

...અનુસંધાન પાના 5 પર

### સારા માર્ક્સ અને AIR મેળવનાર વિદ્યાર્થીઓ

| વિદ્યાર્થી | માર્ક્સ |
|---|---|
| સૌમ્ય પટેલ | 695 |
| મિતાલી ભિંગરાડીયા | 641 |
| ધ્રુવ કલસરિયા | 635 |
| હર્ષ ચૌહાણ | 615 |
| દિવ્ય પટેલ | 600 |
| દર્શક મકવાણા | 572 |

### રત્નકલાકારના પુત્ર દર્શક મકવાણાએ 572 ગુણ મેળવી સાકાર કર્યું ડૉક્ટર બનવાનું સપનું

કામરેજના દર્શક કનુભાઈ મકવાણાએ NEET-2026માં 720માંથી 572 ગુણ મેળવી મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવાના પોતાના સપનાને નવી દિશા આપી છે. કામરેજ વશિષ્ઠ

...અનુસંધાન પાના 5 પર

## 16માંથી 15 બેઠકો પર ભાજપ પ્રેરીત અને એક પર બળવાખોર અપક્ષના વિજયને પગલે

# સ્થાપનાના 75માં વર્ષે સુમુલ ડેરી કોંગ્રેસમુક્ત બની ગઈ

**એકમાત્ર** મહુવા બેઠક પર બળવાખોર અપક્ષ ધનંજય પટેલનો વિજય; ભાજપના જિગર નાયકનો પરાજય

**નિઝરમાં** કોંગ્રેસના સીટિંગ ડિરેક્ટર એક મતે અને વ્યારામાં સિદ્ધાર્થ પટેલ 2 મતે હાર્યા

**કુકરમુંડામાં** ભાજપના બળવાખોર મણિલાલ પટેલ માત્ર એક મતે હાર્યા

સુરતઃ સુમુલ ડેરીની ડિરેક્ટર મંડળની ચૂંટણીમાં ભાજપનું પ્રભુત્વ ફરી એકવાર સ્પષ્ટ થયું છે. ડેરીના સ્થાપનાના 75મા વર્ષે યોજાયેલી ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલે 16માંથી 15 બેઠકો પર વિજય મેળવી સુમુલને સંપૂર્ણપણે કોંગ્રેસમુક્ત બનાવી દીધી

...અનુસંધાન પાના 5 પર

### કઈ બેઠક પર કયા પક્ષના ઉમેદવાર જિત્યા

| બેઠક | વિજેતા ઉમેદવાર | મત | હારેલા ઉમેદવાર | મળેલા મત |
|---|---|---|---|---|
| વ્યારા | હસમુખ ગામીત | 46 | સિદ્ધાર્થ ચૌધરી | 44 |
| નિઝર | યોગેશ રાજપૂત | 26 | ભરત સુદામ પટેલ | 25 |
| કુકરમુંડા | બબન સૂર્યવંશી | 19 | મણિલાલ પટેલ | 18 |
| (મણિલાલ પટેલ ભાજપના બળવાખોર હતા કોંગ્રેસના ઇન્દ્રસિંગ વસાવાને 6 મત) | | | | |
| મહુવા | ધનંજય પટેલ | 33 | જીગર નાયક | 22 |
| (કોંગ્રેસના દિનેશ પટેલને 8 અને અપક્ષ ગુણવંત વહિયાને 2 મત મળ્યા ) | | | | |
| ઓલપાડ | ધનસુખ પટેલ | 27 | વસંત પટેલ | 12 |
| માંડવી | રેશાભાઈ ચૌધરી | 115 | રાકેશ ચૌધરી | 15 |
| સોનગઢ | કાંતિભાઈ ગામીત | 139 | અરવિંદ ગામીત | 18(આપ) |
| (કોંગ્રેસના દિનેશ ગામીતને16 અને અપક્ષ મકાનજી ગામીતને 2 મત મળ્યા ) | | | | |
| ડોલવણ | શૈલેષ પટેલ | 42 | વિજય ચૌધરી | 10 |
| ઉમરપાડા | અમિષ વસાવા | 56 | સોનજીભાઈ વસાવા | 4 |

### 2 બેઠકો પર ઉમેદવારોને ફોર્મમાં કરાયેલી ત્રણ સહી જેટલા પણ મત મળ્યા નહીં.

સુમુલ ડેરીની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે ઉમેદવારનો પોતાનો મત, દરખાસ્ત મુકનાર અને ટેકેદાર એમ ત્રણ મત હોવા જરૂરી છે. પણ મહુવા બેઠક પર સ્વતંત્ર ઉમેદવાર ગુણવંત નરોત્તમ વહિયાને 2 મત અને સોનગઢ બેઠક પર સ્વતંત્ર ઉમેદવાર

...અનુસંધાન પાના 5 પર

### મહુવામાં ઢોડિયા પટેલ સમાજના આગેવાનોએ જિગર નાયકનો ઘડો લાડવો કરી નાંખ્યો

સૌથી ચોંકાવનારું પરિણામ સુરત જિલ્લાની મહુવા બેઠક પર આવ્યું હતું. જ્યાં ઢોડિયા પટેલ સમાજની બહુમતી દૂધ મંડળીઓ હોવા છતાં ભાજપે ઉજળિયાત ઉમેદવાર એવા જીગર દિનકરરાય નાયકની પસંદગી ઉતારી હતી. ભાજપના આંતરિક સૂત્રો કહે છે

...અનુસંધાન પાના 5 પર

### 'જો જિગર નાયક હારશે, તો હું જાહેર જીવન છોડી દઈશ!'

બારડોલીઃ દક્ષિણ ગુજરાતની સહકારી ક્ષેત્રની સહુથી મોટી ગણાતી સુમુલ ડેરીની ચૂંટણીનાં પરિણામો જાહેર થતાં જ સુરત અને તાપી જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ખાસ કરીને મહુવા તાલુકા બેઠકના પરિણામ બાદ બારડોલી તાલુકાનાં રાજકીય અને સહકારી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન બારડોલી તાલુકા ભાજપ મહામંત્રી જીતેન્દ્રસિંહ વાંસિયા (જીતુ વાંસિયા) દ્વારા એક મોટું જાહેર નિવેદન આપવામાં આવ્યું હતું, જેને લઈને હવે સોશિયલ મીડિયા પર લોકો સવાલો ઉઠાવી રહ્યા છે. ચૂંટણી દરમિયાન જીતુભાઈ વાંસિયાએ જાહેરમાં એવું વચન આપ્યું હતું કે જો મહુવા તાલુકાના ઉમેદવાર જિગરભાઈ નાયક આ ચૂંટણીમાં પરાજિત થશે, તો તેઓ પોતે જાહેર જીવન છોડી દેશે. હવે જ્યારે સુમુલ ડેરીની ચૂંટણીનું પરિણામ આવી ચૂક્યું

...અનુસંધાન પાના 5 પર

### હું આવું ક્યારેય બોલ્યો જ નથી: જીતેન્દ્રસિંહ વાંસિયા

જીતેન્દ્રસિંહ વાંસિયાએ જણાવ્યુ હતું કે, હું આવું ક્યારેય બોલ્યો જ નથી. આ કોઈએ ગતકડું કર્યું છે. હાલ અન્ય સહકારી સંસ્થાઓની ચૂંટણી પણ માથે છે એટલે કોઈ વિરોધીઓએ આવું કર્યું હોય શકે.



1 બિલાલ આબીદ શેરા (ઉ.વ. 24) રહે. મૂળ સિદ્ધપુર હાલ કઠવાડા જીઆઇડીસી અમદાવાદ



2 હસન હૈદરપુરી (ઉ.વ. 20) મૂળ તા. સરસ્વતી, જિ. પાટણ ભરૂચની દારુલ ઉલૂમ માટલીવાલા મદ્રેસાનો વિદ્યાર્થી



3 મોહંમદ ઐયુબ કડીવાલ (ઉ.વ. 22) મૂળ સિદ્ધપુર પાટણ જામિયા અબુલ હસન મદ્રેસાનો વિદ્યાર્થી



4 શફીઅ રઈસ મુખી (ઉ.વ. 21) મૂળ છાપી તા. વડગામ, જિ. બનાસકાંઠા ડાભેલની જામિયા ઇસ્લામિયા તાલિમ્મુદીનનો વિદ્યાર્થી



5 મોહંમદ ઐયુબ સુણસરા (ઉ.વ. 20) રહે. તા. સિદ્ધપુર, જિ. પાટણ ભરૂચની દારુલ ઉલૂમ માટલીવાલા મદ્રેસાનો વિદ્યાર્થી

# જૈશના વધુ ૫ જેહાદીઓ ઝડપાયા

**ઓનલાઈન** ગન પાઉડર મંગાવી મદ્રેસામાં બોમ્બ અને IED બ્લાસ્ટ બનાવવાની ટ્રેનિંગ લેતા હોવાનો સનસનાટીભર્યો ઘટસ્ફોટ

**પાટણ** અને સિદ્ધપુરના યુવાનોને જેહાદી સાહિત્ય વહેંચી બ્રેઈનવોશ કરવાનું આંતરરાજ્ય નેટવર્ક ઝડપાયું

ગાંધીનગરઃ ગુજરાતમાં જૈશ-એ-મોહંમદનું સક્રિય આતંકી મોડ્યુલ ઊભું કરવાના દેશવિરોધી કાવતરાનો ગુજરાત એટીએસે પર્દાફાશ કરતાં ઉત્તર ગુજરાતના પાટણ-સિદ્ધપુર તેમજ ભરૂચની મદ્રેસાઓ સાથે સંકળાયેલા વધુ પાંચ કટ્ટરપંથી જેહાદીઓની ધરપકડ કરી છે.

તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે આરોપીઓ વર્ષ ૨૦૨૩થી ઓનલાઈન ગન પાવડર સહિતની સામગ્રી મંગાવી IED બોમ્બ બનાવવાની પદ્ધતિઓ શીખતા

...અનુસંધાન પાના 5 પર

### ૮ વાર બ્લાસ્ટનો સક્રિય અભ્યાસ કરી ચૂક્યા છે

ધરપકડ કરાયેલા આરોપીઓની સઘન પૂછપરછમાં એવો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે કે, આરોપીઓ પૈકીના કેટલાક સિદ્ધપુરના ખડિયાસણ ખાતે આવેલી જામિયા અબુલ હસન મદ્રેસામાં રહીને વર્ષ ૨૦૨૩થી ગુપ્ત રીતે બોમ્બ બનાવવાની ઘાતક પદ્ધતિઓ અને IED (ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ) ડેટોનેટ કરવાની જુદી જુદી મિકેનિઝમ શીખવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ માટે આતંકીઓ "અકેલા મુજાહિદ જિહાદ કૈસે કરે" જેવી ઝેરીલી કિતાબોની ઝેરોક્ષ નકલો કરાવીને અંદરોઅંદર વહેંચતા હતા અને તાલીમાર્થીઓનું બ્રેઈનવોશ કરતા હતા. આરોપીઓ વર્ષ ૨૦૨૩થી ૨૦૨૬ના ગાળામાં અલગ-અલગ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટની પદ્ધતિઓનો કુલ ૮ વાર સક્રિય અભ્યાસ કરી ચૂક્યા છે. આ બોમ્બ બનાવવા માટે જરૂરી ગન પાવડરનું રો-મટીરિયલ તેઓ ઓનલાઇન શોપિંગ સાઇટ્સ તેમજ સ્થાનિક બજારોમાંથી ખરીદતા હોવાનું પણ બહાર આવ્યું છે. જૈશનો ઝંડો, મસુદ અઝહરના જેહાદી પુસ્તકો અને રૂ. ૧.૩૦ લાખ જપ્ત, પાંચ જેહાદીઓ ઝડપી લેવામાં આવ્યા છે.

### ફિલ્મ ડિરેક્ટર અનુરાગ કશ્યપ સામે ધરપકડ વોરંટ માટે અરજી

સુરતઃ બ્રાહ્મણ સમાજ પર કરેલી ટિપ્પણી કેસમાં ફિલ્મ ડિરેક્ટર અનુરાગ કશ્યપ સામે ન્યાયિક કાર્યવાહી ચલાવવા માટે કોર્ટે હુકમ કર્યાં બાદ ડિરેક્ટર અનુરાગ કશ્યપને કોર્ટ સમક્ષ હાજર થવા માટે સમન્સ ઈસ્યુ કરાયો હતો. જે અંગે ની મુદત આજરોજ હોય ફિલ્મ ડિરેક્ટર અનુરાગ કશ્યપ હાજર નહીં થતાં ફરિયાદ પક્ષે ફિલ્મ ડિરેક્ટર સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કરવા માટે અરજી આપવામા આવી હતી. આ કેસ અંગે વિગત આપતાં ફરિયાદી એડવોકેટ કમલેશ રાવલે જણાવ્યું હતું કે આ કેસમાં કોર્ટે ફિલ્મ ડિરેક્ટર અનુરાગ કશ્યપને હાજર થવા માટે સમન્સ જારી કર્યો હતો. આજની મુદતે સામાપક્ષ તરફથી કોઈ હાજર નહીં રહેતાં અમોએ કોર્ટ સમક્ષ સામાપક્ષ સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કરવા વિનંતી કરી હતી. જે અરજીની સુનાવણી આગામી સોમવારના રોજ કોર્ટે ઠરાવ્યું છે. અત્રે નોંધનીય છે તા.૧૬.૦૪.૨૦૨૫ ના રોજ ફિલ્મ ડિરેક્ટર અનુરાગ કશ્યપે સોશિયલ મીડિયા ઉપર સમગ્ર બ્રાહમણ સમાજને બદનક્ષી થાય તેવી પોસ્ટ મૂકી હતી.

## ઉધનામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિના લીરેલીરા

# 30થી ૪૦ લાખની ચોરી પણ ચોપડે બતાવાયા માત્ર ૭.૪૧ લાખ

**ઉધનાનો** ચાર્જ મેળવનાર PI ઠાકોર સુરક્ષા આપવામાં સદંતર નિષ્ફળ

**દારૂ**-જુગારના અડ્ડા ચલાવી લાખોની કમાણીમાં મસ્ત રહેતા ગુનેગારો બેફામ

સુરતઃ ઉધનામાં પટેલનગર પાસે આવેલી શિવનગર સોસાયટીમાં રહેતા જરીના વેપારી જિતેન્દ્રભાઈ રાણા પોતાના પરિવાર સાથે દ્વારકા દર્શનાર્થે ગયા હતા. આ બંધ ઘરને નિશાન બનાવી તસ્કરો તાળાં તોડી ઘરમાં ઘૂસી ચોરી કરી ગયા હતા. આ મામલે ઉધના પોલીસ ચોપડે રૂ. ૭.૪૧ લાખની ચોરી થઈ હોવાની સત્તાવાર ફરિયાદ નોંધાઈ છે. વેપારીના સગા જયમીન રાણાએ મીડિયા સમક્ષ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, વાસ્તવમાં આ

...અનુસંધાન પાના 5 પર

### ભાજપ નેતા જય દલાલની હત્યા બાદ ઉધનામાં હત્યા અને ચોરીનો સિલસિલો યથાવત

સુરતઃ સૂર્યનગરી સુરત હવે જાણે ગુનાખોરીની નગરી બની રહી છે. ઉધના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડી ગયા છે. થોડા દિવસ પહેલા

...અનુસંધાન પાના 5 પર

# પનાસમાં 11 મહિનાની બાળકી બુટ્ટી ગળી ગઈ!

**નવી** સિવિલ હોસ્પિટલના તબીબોની ટીમે અન્નનળીમાં ફસાયેલી બુટ્ટી બહાર કાઢી

સુરતઃ પનાસ ગામમાં રહેતા એક પરિવારની 11 માસની બાળકી રમતા-રમતા કાનની બુટ્ટી ગળી જતા તે અન્નનળીમાં ફસાઈ ગઈ હતી. ઘટનાથી પરિવારજનો ગભરાઈ ગયા હતા અને બાળકીને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અહીં ઈએનટી વિભાગના તબીબોની ટીમે કાપકૂપ કે ચીરો પાડ્યા વિના માત્ર દૂરબીનની મદદથી સફળ પ્રોસિજર કરી બાળકીના ગળામાંથી બુટ્ટી બહાર કાઢી હતી. ખાનગી હોસ્પિટલમાં આ પ્રકારની સારવાર માટે રૂ. 50થી 60 હજાર જેટલો ખર્ચ થતો હોય છે, જ્યારે નવી સિવિલ હોસ્પિટલમાં આ સારવાર સંપૂર્ણ વિનામૂલ્યે કરવામાં આવી હતી.

મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલમાં પનાસગામ સ્થિત એસએમસી આવાસમાં રહેતા સફાઈ કર્મચારી વિક્કી બોકેની 11 માસની પુત્રી ધનશ્રી ગુરુવારે સવારે ઘરમાં રમતી હતી. આ દરમિયાન તેણે કાનની બુટ્ટી ગળી લીધી હતી, જેના કારણે તે

...અનુસંધાન પાના 5 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા


ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



### ભાવભીની શ્રધ્ધાંજલિ

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી.
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી.
ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવ્હાર કદી ચુકયા નહીં.
પરિવાર માટે ફુલો પાથરી ગયા,
એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.
નરેશભાઈ બાલુભાઈ પટેલ | સંગીતાબેન નરેશભાઈ પટેલ
હર્ષ નરેશભાઈ પટેલ | ખ્યાતિ દીપકુમાર પટેલ
દીપકુમાર રાજેશભાઈ પટેલ | આરવી દીપકુમાર પટેલ
તક્ષ દીપકુમાર પટેલ

સ્વ.ચંદુભાઈ મગનભાઈ પટેલ
સ્વ.તા. ૧૫/૦૭/૨૦૨૬

સ્થળ : સ્નેહ બંગ્લોઝ, અલથાણ, સુરત.




### હાર્દિક શ્રધ્ધાંજલિ

તમે આજે અમારા વચ્ચે નથી.
પણ તમારી યાદો હંમેશા
અમારા દિલમાં જીવંત રહેશે.
તમારા સ્નેહ, સંસ્કાર અને પ્રેરણા
અમારા માટે અમુલ્ય વારસો છે.

લિ.
નટવરભાઈ ગાંડાભાઈ પટેલ | મીનાક્ષીબેન નટવરભાઈ પટેલ(વેસુ)
જયેશભાઈ છગનભાઈ પટેલ | પ્રમાક્ષીબેન જયેશભાઈ પટેલ(પીપલોદ)
અતુલભાઈ વાલજીભાઈ પટેલ | જયાબેન અતુલભાઈ પટેલ(ભટાર)
તથા સમસ્ત પરિવાર

સ્વ. ચંદુભાઈ મગનભાઈ પટેલ
સ્વ.તાઃ ૧૫-૦૭-૨૦૨૬

### શ્રદ્ધાંજલિ / પ્રાર્થનાસભા



જન્મ તારીખ ૧૨.૦૨.૧૯૪૯ સ્વર્ગવાસ તારીખ ૧૫.૦૭.૨૦૨૬

**સ્વ. હસમુખલાલ અંબારામ રાણા**
ટ્રસ્ટી – શ્રી યુવા રાણા સમાજ, સુરત.

આપના નિધનથી આપના કુટુંબ અને મિત્રવર્તુળની સાથે સમસ્ત રાણા સમાજને કદી ન પૂરાય એવી ખોટ પડી છે. આપ હરહંમેશ સમાજના ઉત્કર્ષ અને સંપન્ન-સમૃદ્ધિશીલ સમાજની ચિંતા કરતા હતા અને એ માટે સતત-જીવનના અંતિમ શ્વાસ સુધી કાર્યશીલ રહ્યા હતા. આપની સમાજનિષ્ઠા અને પ્રવૃતિઓ માટે અમે સૌ સદા આપના ઋણી રહીશું. પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રભુ પ્રાર્થના.

પ્રાર્થનાસભા : તા. ૧૯.૦૭.૨૦૨૬, રવિવાર
સમય : સવારે ૧૦.૩૦ થી બપોરે ૧૨.૩૦ કલાકે
સ્થળ : શ્રી સિકોત્રા માતાની વાડી, કોટસફિલ રોડ, સુરત.

લિ.
શ્રી અખિલ ભારત રાણા સમાજ
શ્રી સુરત રાણા સમાજ
શ્રી સુરત રાણા સમાજ મહિલા ફોરમ
શ્રી યુવા રાણા સમાજ, સુરત

### પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



**સ્વ. રાજેશભાઈ(ભાણો) સુખાભાઈ પટેલ**
જન્મ તા.: ૨૫/૧૨/૧૯૭૮ । સ્વ.તાઃ ૧૮/૦૭/૨૦૨૫

પળે પળે યાદ આવશે અમને, સદાય તમારી ખોટ રહેશે.
દેહથી ભલે દુર થયા તમે, સદાય અમારા હદયમાં વસો છો.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે.

લિ.
ગં.સ્વ. મોનીકાબેન રાજેશભાઈ પટેલ(પત્ની)
ગં.સ્વ. બેબીબેન ગાંડાભાઈ પટેલ(મમ્મી)
જાન્વી રાજેશભાઈ પટેલ(પુત્રી)
કસ્તી રાજેશભાઈ પટેલ(પુત્રી)
તથા સમસ્ત પરિવાર

બેસણાનું સ્થળ : પાદર સ્ટ્રીટ, મગદલ્લા, સુરત